
# ભારતીય લગ્નવિધિઃ
# આત્મસન્માન માટે પ્રતિજ્ઞા સમાન છે

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

બ્રહ્માંડ ઉત્પત્તિ પછી સ્ત્રીપુરુષ મિલન સમારંભ પ્રથા સુપરિચિત થઈ છે. સમૂહના ધર્માધિકારી પુખ્ત કન્યા અને યુવાનનું લગ્ન વિધિવિધાન પૂર્ણ કરીને સંસારસુખ ભોગ માટેની આજ્ઞા આપતા હતા અને બન્ને કન્યા અને યુવાન એકબીજાને સમર્પિત થઈને ગૃહસ્થ ધર્મનું સચોટ રીતે પાલન કરતાં હતાં. સ્ત્રી પોતાના વરના આયુષ્ય માટે ગૃહસ્થી સંભાળીને સેવાકાર્ય કરતી હતી અને પુરુષ સ્ત્રીનું સર્વોપરી સંરક્ષણ કરીને ગૃહસ્થ માટે પુરુષાર્થ કરતો હતો અને બંનેના સહયોગ, સુવિચારોથી સંસારનો રથ સિદ્ધિસ્થાને જતો હતો. એકબીજા પરનો અટલ વિશ્વાસ અને પ્રેમ રથના અશ્વ હતા.

પછી તો લગ્નસંસ્થાઓ ઊભી થઈ, નીતિનિયમો ઘડાયા અને વિવાહ ઉત્સવો આકર્ષક બન્યા. ઉત્તમ ઘર ગૃહસ્થી, વંશોત્પત્તિ, પરાક્રમ, પુરુષાર્થ અને સમાજકલ્યાણનો માર્ગ જોઈને દરેક સમાજ પોતાની ઉપવર કન્યા કે યુવક માટે યોગ્ય સ્થળ જોઈને પોતાના જ ધર્મ અને જ્ઞાતિમાં સ્થળનો શોધ કરવા લાગ્યો, તે યોગ્ય અને સમાજ અને પતિપત્નીને હિતકારક છે. એ જ સુખી દામ્પત્યની શરૂઆત છે. મનુષ્યજીવનની સાર્થકતામાં લગ્નવિધિ, સંતાનપ્રાપ્તિ, ઉપનયન, કન્યાદાન મહત્ત્વના સાંસારિક માંગલિક પ્રસંગો છે. સમગ્ર જગતમાં લગ્નપ્રણાલિકા, પારંપરિક, પરમ પવિત્ર, જીવનોધ્ધારક પ્રથા તરીકે મહત્ત્વની છે, અને સકલ જગત સમાજને માન્ય છે.

એક જ્ઞાતિ પરિવાર પોતાની ઉંમરલાયક સખી કન્યાને સ્વેચ્છાથી પોતાની જ્ઞાતિના યુવાનના ગૃહે તેની પત્ની તરીકે આપે છે આ મહત્ત્વનું કન્યાદાન છે અને યુવાનની ગૃહમંડળી તે કન્યાનો સ્વેચ્છાએ સ્વીકાર કરીને તેને આત્મસન્માનિત કરીને સર્વ અધિકાર આપે છે એ શ્રેષ્ઠ સમર્પણ ભાવના છે, એમાં સ્ત્રીપુરુષના શારીરિક સુખ સાથે પ્રજોત્પત્તિના સુખનો આનંદ સામેલ છે, એટલે શાસ્ત્રીય પદ્ધતિના વિવાહો ધર્મનું પણ એક અંગ બને છે.



લગ્ન પહેલાં વર કન્યાના જન્માક્ષર જોઈને મિલન ગુણ જોવાનું શાસ્ત્ર પણ છે. ઓછામાં ઓછા સોળ ગુણ મળવાથી લગ્નજીવન સુખી બને છે. જન્માક્ષરના ખાનામાં નવ ગ્રહોનું ઉચિત સ્થાન અને દિશા ગમન લગ્નજીવનને વધારે સુખ આપી શકે છે. જન્માક્ષર ગુણ મિલન થયા પછી વાગ્દાન વિધિ, વર-વધૂના પરિવાર સભ્યો સાથે મળીને યોગ્ય સમય સ્થળ અને વિધિને માન્યતા આપે છે. અને વધુના આંગણે લગ્ન પ્રસંગ ગોઠવવાથી બધા જ રાજી થાય છે.

વરવધૂ માટે વસ્ત્રાલંકાર પરિવારના પરિસ્થિતિનુસાર કરવો અને સુલેહશાંતિથી માન-સન્માન કરવો એ જ ખરી રીત છે. લગ્નવિધિમાં વર-વધૂ વચ્ચે રેશમી વસ્ત્રનો અંતરપટ રાખવામાં આવે છે. બંનેના હાથોમાં વરમાળા અને કન્યામાળા આપવામાં આવે છે. શાસ્ત્ર જાણકાર વેદપ્રચુર બ્રાહ્મણ દેવના મુખેથી મંત્રાલાષ્ટકના સુસ્વરો નીકળે છે અને અષ્ટક પૂર્ણ થતા અંતરપટ દૂર થાય છે કન્યા વરમાળા વરના ગળામાં નાંખે છે અને વરરાજા તેનો સ્વીકાર કરીને પોતાના પાસેની પુષ્પમાળા વધુને પહેરાવે છે, શુભ મંગલ સાવધાન સાથે મંગલ વાદ્યો વાગે છે. મહેમાનો મંગલ અક્ષતનો વર્ષાવ કરે છે અને વર-કન્યાનો હસ્તમેળાપ થાય છે. અહી સુધી વર-કન્યા એકબીજાને અસ્પર્શિત રહે છે.

પછી હોમ-હવન કન્યાદાન, મંગળસૂત્ર પરિધાન, પાણિગ્રહણ વિધિ સાથે શાસ્ત્રોક્ત વિધિ બ્રાહ્મણ દ્વારા કરવામાં આવે છે. પતિ અગ્નિની સાક્ષીથી બ્રાહ્મણ અને અગ્નિના સાક્ષીથી કહે છે હે શુભાંગી ભાર્યે! તે મને પતિ તરીકે સ્વીકાર્યો છે તે આપણું ભાગ્ય છે. મારી સાથે રહીને આપણે વૃદ્ધાવસ્થાને સંપાદન કરવી છે. એકબીજા પરનો વિશ્વાસ, પ્રેમ આપણું ધન છે. ભગ, આર્યમા, સવિતા, પૂષા આ ચાર દેવતાઓએ ગૃહસ્થાશ્રમને સાર્થક કરવા માટે તને મને સોંપી છે.'

સપ્તપદીના શ્લોકોનું પાલન વધુ વર કરે છે. તેની આવશ્યકતા બ્રાહ્મણ દેવ સમજાવે છે. વર કહે છે હે પ્રિયે! તું મારી સાથે પ્રથમ ડગલું ચાલે છે તો તારું-મારું

સમૂહના ધર્માધિકારી પુખ્ત કન્યા અને યુવાનનું લગ્ન વિધિવિધાન પૂર્ણ કરીને સંસારસુખ ભોગ માટેની આજ્ઞા આપતા હતા અને બન્ને કન્યા અને યુવાન એકબીજાને સમર્પિત થઈને ગૃહસ્થ ધર્મનું સચોટ રીતે પાલન કરતાં હતાં

સખ્ય વધે છે. હવે શું અન્નધાત્રી બન, આયુષ્યવાન બન, સંતતિવાન બન, બીજું ડગલું ભરવાથી મને બળ, શક્તિ અને યુક્તિ મળે, ત્રીજું ડગલું મારાં કર્મ, ઉત્સાહ અને ધનને વધારે છે. ચોથું ડગલું જે દરેક ઋતુમાં તું મને યોગસંયોગથી પૂર્ણ આનંદ આપશે. તારું પાંચમું પગલું મને સ્ફૂર્તિ અને સુકૃતિ પ્રદાન કરશે. છઠ્ઠું ડગલું આપણને ધનધાન્ય, પશુધન, ઘરઆંગણ, આદિ સંપત્તિ આપશે અને સાતમું પવિત્ર પાવન શુદ્ધ ડગલું મને આધ્યાત્મિક જ્ઞાન આપશે. આપણાં બંને હ્દયનું સૌખ્ય વધશે, માતા-પિતાની સેવા કરશે, વંશવેલીનાં ફૂલો ખીલશે.

આપણું સમગ્ર જીવન નીતિપૂર્ણ, સત્યપ્રિય, સંયમી, ઉદાર અને પરોપકારી, રાષ્ટ્રસેવક અને સદાચારી બનશે. મોહ, માયા, મત્સર, દ્વેષ અને ભેદભાવથી આપણે અલિપ્ત રહીશું.

---

# શિવ ચરિત્ર

પંચામૃત
નીલાક્ષી પરીખ

મિત્રો, શિવ ચરિત્રની યાત્રામાં આપણે જોયું કે દેવર્ષિ નારદ હિમગિરિનું સુંદર વાતાવરણ જોઈને પ્રસન્ન થયા. પૂ. ગુરુદેવની કૃપા છાયામાં હવે પછીની યાત્રા કરીએ.

નારદજીને શ્રાપ છે તેઓ એક જગ્યાએ સ્થિર રહી શક્તા નથી. જાણે શ્રાપગતિ બાધિત થઈ હોય એમ નારદજી હિમગિરિની ગુફામાં ભજનમાં લીન થઈ ગયા! એમની આ તપસ્યા જોઈને ઈન્દ્રને ચિંતા થઈ. ખરેખર તો પ્રસન્ન થવું જોઈએ. કારણ કે પુણ્યના આહારથી તો દેવતાઓ પુષ્ટ થાય છે ને? યજ્ઞાદિથી પણ ભય લાગે છે ઈન્દ્રને કે આ ભાગ પડાવશે તો? કથા છે નારદજીની તપસ્યા ભંગ કરાવવા માટે કામદેવને મોકલ્યા. આ દેવતા શંકરજી પાસે પણ કામદેવને મોકલે છે. શંકરજી ને સમાધિમાંથી જગાડવા કામદેવને મોકલે છે અને નારદજીને એમની તપસ્યા ભંગ કરવા કામને મોકલે છે. શિખર સુધી પહોંચે એવું ઈચ્છતા નથી. મહાદેવ તો સમાધિના શિખર પર જ સ્થિત છે. એ તો યોગીશ્વર છે. એટલા માટે - 'શંકર સહજ સ્વરૂપ સંભારા તો લાગી સમાધિ અખંડ અપારા' શંકરજી માટે સમાધિ સહજ છે. અરે! કથાને માટે મંગલાચરણ પણ કરે છે તો - 'મગન ધ્યાન રસદંડજુ પુનિ મન બાહિર કીન્હ' એમને બહિર્મુખ થવું પડે છે, પ્રયાસપૂર્વક. સમાધિ એમને માટે સહજ છે. એમનું બહિર્મુખ થવું સંસાર પર કૃપા કરવા છે. બાકી તો શંકરજી સમાધિના આનંદમાં ડૂબ્યા રહે છે. કથા સંભળાવવા તૈયાર થાય છે તો મનથી બહાર આવી કથા સંભળાવે છે. શંકરજીને તો શિખરથી નીચે લાવવું પડે છે, જગાડવા પડે છે. નારદજી પાસે કામદેવને એટલા માટે મોકલાયા છે કે તેમને શિખર સુધી પહોંચવા દેવાના નથી. ભટકાવવા છે, પણ કામ નારદજીનું કંઈ બગાડી ન શક્યો. કથા છે કામદેવને સફળતા ન મળી, પણ એક અર્થમાં કામદેવ સફળ થયા. એમણે જે કામ કરવું હતું તે કરી દીધું. ગળામાં પુષ્પમાળા પહેરાવી દીધી. પ્રશંસાના પુષ્પ ચરણમાં ચઢાવ્યા કામદેવે. કહ્યું- 'ધન્ય છે આપ! મારી કોઈ કારીગરી



કામ ન આવી. આપને હું ડગાવી ન શક્યો. પણ પ્રશંસાથી કામ કઢાવી લીધું મનોમન કહ્યું કામદેવે. ક્યારેક ક્યારેક લોકો અમૃત પીવડાવીને મારે છે! એવું નથી કે વિષ જ મારે. મધથી મરતો હોય તો એને ઝેર શું કામ દેવું? પ્રશંસા. પ્રશંસા સાંભળીને નારદજીને રોષ થવો જોઈતો હતો. પણ ન થયો. 'ભયઉ ન નારદ મન કછુ રોષા । કહિ પ્રિય બચન કામ પરિતોષા ॥' રોષ ન થયો નારદજીને, નહીં તો કોઈ આપણી સમાધિ કે ભજનમાં ભંગ કરે તો વિક્ષેપ થાય ને ગુસ્સો આવે એ સ્વાભાવિક છે. પતિ કામમાં વ્યસ્ત હોય પત્ની આવીને પૂછે- આજે શું બનાવું? ૧-૨ વાર પૂછે તો પણ ક્યારેક પતિ ક્રોધિત થાય કે જોતી નથી હું ફોન પર છું? ખબર નથી પડતી? પત્ની બિચારી કહે- હું તો ફક્ત પૂછવા આવી હતી કે શું ખાશો? પેલો કહે- માથું ન ખા. બાકી જે બનાવીશ ખાઈ લઈશ. અરે આવી નાની વાતમાં માણસને ગુસ્સો આવે તો ભજનમાં વિક્ષેપ કરે કોઈ, સમાધિ કે ધ્યાનમાંથી કોઈ જગાડે તો રોષ ન થાય? ગાઢી નિંદ્રામાં સૂતા હોઈએ અચાનક કોઈ જગાડે તો જાગી જઈએ ને શરીર તથા મનની સ્થિતિ કેવી થઈ જાય છે. આપણી નારાજગી પ્રગટ થાય છે જ. સૂતેલાને કોઈ જગાડવાનું કહે તો પણ આપણે ના કહીએ કે સૂવા દો. 'સૂતા જેવું સુખ નહીં' હા, કથામાં જગાડી શકીએ નહીં તો એવા સુખી ને પાછું A.C. સમાધિથી કોઈ જગાડે તો ગુસ્સો આવે જ. એવું સાંભળ્યું છે બજરંગદાસ બાપા બગદાણાવાળા જ્યારે ધ્યાન સમાધિમાં હોય, રસમાં ડૂબ્યા હોય ને કોઈ VVIP કોઈ મોટી તોપ આવી જાય તો બાપુ ને જગાડાય કે 'બાપુ ક્ષમા કરજો કમિશ્નર સાહેબ કે મિનિસ્ટર સાહેબ આવ્યા છે.

અરે આવી નાની વાતમાં માણસને ગુસ્સો આવે તો ભજનમાં વિક્ષેપ કરે કોઇ, સમાધિ કે ધ્યાનમાંથી કોઇ જગાડે તો રોષ ન થાય? ગાઢી નિંદ્રામાં સૂતા હોઇએ અચાનક કોઇ જગાડે તો જાગી જઇએ ને શરીર તથા મનની સ્થિતિ કેવી થઇ જાય છે

તો સાધુ પુરુષ સૌનું સન્માન કરનારા હોય છે. સૌને માન આપે પણ ખુદ અમાની હોય. ધ્યાનમાંથી ઉઠીને આપે પણ જેમણે એમના ચહેરાના ભાવને જોયા હોય એમને ખબર હોય કે એમના ચહેરા પર અકળામણ હોય. 'તબ શિવ તીસર નયન ઉઘારા । ચિતવત કામ ભયઉ જરિ છારા ॥' ત્રિલોચન શિવજી એ અગ્નિરૂપ પોતાના ત્રીજા નેત્રને ખોલ્યું - 'વંદે સૂર્ય શશાંક વહ્નિ નયનં' વહ્નિ - અગ્નિ. અગ્નિરૂપ ત્રીજું નયન ઉઘાડી ને કામદેવને બાળીને ભસ્મીભૂત કર્યો! જ્યારે નારદજીએ રોષ ન કર્યો. વૈષ્ણવ છે ને? રુદ્ર થી દૂર છે. વિષ્ણુનું ભજન કરે છે. ચાલો રોષ ન કર્યો ઠીક છે પણ બાબાજી આપે રોષ કેમ ન કર્યો? બોલ્યા. અમે સાધુ છીએ, રોષ શોભા ન આપે. કપિલ ભગવાન મા દેવહુતિને સંતોના લક્ષણ બતાવતા કહે છે - શાંતાઃ શાંત, ક્રોધ નહીં. બરાબર પણ બીજું કામ શું કામ કર્યું? 'કહિ પ્રિય બચન કામ પરિતોષા' પ્રિયવચન કહી કામને પરિતુષ્ટ કર્યો! [ગુરુવર્ય પૂ.શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) ના સત્સંગ ને આધારે]